# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/26 Dt. 04/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## લિગ્નાઇટ કટોકટી: ભાવવધારા અને અછત મુદ્દે ચેમ્બર ખાતે GMDCના અધિકારીઓ સાથે બેઠક

### મે, જૂન અને જુલાઈ-2026 દરમિયાન લિગ્નાઇટના ભાવમાં થયેલા અસામાન્ય વધારા અંગે ઉદ્યોગકારોએ ચિંતા વ્યક્ત કરી

### સ્થાનિક તડકેશ્વર ખાણને બદલે ભાવનગરથી સપ્લાય અપાતા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધ્યો, ફાળવેલો ક્વોટા પણ પૂરતો ન મળતો હોવાની રજૂઆત

### ઉદ્યોગકારોની વાજબી માગણીઓ પર જીએમડીસી સકારાત્મક નિર્ણય લે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### ઔદ્યોગિક ડીઝલના ભાવવધારા અને તડકેશ્વર ખાણમાં વરસાદી પાણી ભરાવાને કારણે સપ્લાય ખોરવાયો હોવાનો જીએમડીસીનો ખુલાસો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA)ના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૩ જુલાઈએ સરસાણા ખાતે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)ના જનરલ મેનેજર – સેલ્સ એન્ડ માર્કેટિંગ (કોલ) શ્રી નીરજ પટેલ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ દક્ષિણ ગુજરાતના પ્રોસેસિંગ હાઉસ અને વિવિધ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોને જીએમડીસી તરફથી મળતા લિગ્નાઇટના પુરવઠા સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ લાવવાનો હતો.

**ઉદ્યોગકારોએ રજૂ કરેલા ૪ મુખ્ય મુદ્દાઓ:**

બેઠકમાં સુરતના અગ્રણી ટેક્સટાઇલ પ્રોસેસ હાઉસના સંચાલકો અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ જીએમડીસી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ રજૂ કર્યા હતા:

**૦૧. લિગ્નાઇટમાં ભાવવધારો**: મે, જૂન અને જુલાઈ-૨૦૨૬ દરમિયાન જીએમડીસી દ્વારા કોલસા/લિગ્નાઇટના ભાવમાં કરાયેલો અસામાન્ય વધારો ઉદ્યોગહિતમાં પાછો ખેંચવામાં આવે.

**૦૨. પુરવઠાની અનિયમિતતા:** ઉદ્યોગોને ફાળવવામાં આવેલા સત્તાવાર ક્વોટા મુજબ પણ કોલસા અને લિગ્નાઇટનો પૂરતો જથ્થો સમયસર ઉપલબ્ધ થતો નથી.

**૦૩. પરિવહન ખર્ચનો વધારાનો બોજ:** સુરતની નજીક આવેલી તડકેશ્વર ખાણને બદલે ઉદ્યોગોને ભાવનગર સાઇટ પરથી વધુ પ્રમાણમાં લિગ્નાઇટ સપ્લાય કરાતો હોવાથી લોજિસ્ટિક્સ અને પરિવહન ખર્ચમાં મોટો વધારો થઈ રહ્યો છે.

**૦૪. ઓપન માર્કેટમાં અછતની સમસ્યા:** પુરવઠાની અછતનો લાભ લઈ બજારમાં થતી અનધિકૃત પ્રવૃત્તિઓ અને કૃત્રિમ અછત અંગે પણ ઉદ્યોગકારોએ તંત્રનું ધ્યાન દોર્યું હતું.

**જીએમડીસીએ સંવેદનશીલ અભિગમ અપનાવવો જરૂરી: ઉદ્યોગ જગત**

બેઠકના પ્રારંભમાં SGCCIના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જીએમડીસીના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉદ્યોગોની વાજબી માંગણીઓ પર હકારાત્મક વિચારણા કરવાની અપીલ કરી હતી. ત્યારબાદ રજૂઆત દરમિયાન ઉદ્યોગકારોએ ભારપૂર્વક જણાવ્યું કે, "ભૂતકાળમાં જ્યારે ઉદ્યોગો આર્થિક અને વૈશ્વિક સંકટોમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેન્દ્ર સરકારે કસ્ટમ્સ ડ્યુટીમાં ઘટાડો અને ECLGS જેવી રાહત યોજનાઓ અમલમાં મૂકીને ઉદ્યોગોને મદદ કરી હતી. તેવી જ રીતે, રાજ્ય સરકારની માલિકીની સંસ્થા તરીકે જીએમડીસીએ પણ પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટના સમયમાં ઉદ્યોગોને રાહત મળે તે માટે ભાવમાં સ્થિરતા જાળવવી જોઈતી હતી અને ઉદ્યોગહિતને પ્રાથમિકતા આપતો વધુ સંવેદનશીલ અને જવાબદાર અભિગમ અપનાવવો જોઈતો હતો."

**ડીઝલના ભાવવધારો અને કુદરતી પરિબળોની અસર: જીએમડીસી**

ઉદ્યોગકારોની રજૂઆતોના જવાબમાં જીએમડીસીના અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ઔદ્યોગિક ડીઝલના વધેલા ભાવો તેમજ સુરત નજીકના તડકેશ્વર ખાણ વિસ્તારમાં વહેલા વરસાદને કારણે પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ખાણોમાં પાણી ભરાઈ જવાને કારણે લિગ્નાઇટના ઉત્પાદન અને લોજિસ્ટિક્સ પર પ્રતિકૂળ અસર પડી છે. સ્થાનિક ખાણોમાંથી સપ્લાય ઘટવાને કારણે ઉત્પાદન ખર્ચ ઊંચો જતા નાછૂટકે ભાવમાં ફેરફાર કરવો પડ્યો છે.

જો કે, ચેમ્બર અને એસજીટીપીએની સત્તાવાર રજૂઆત બાદ જીએમડીસીના અધિકારીઓએ ખાતરી આપી હતી કે સુરતના ઉદ્યોગો દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નોને ગંભીરતાથી લઈ રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર કક્ષાએ યોગ્ય રજૂઆતો કરવામાં આવશે અને ભાવ તેમજ સપ્લાયની સમસ્યાનો વહેલી તકે વ્યાજબી ઉકેલ લાવવામાં આવશે.

આ મહત્વપૂર્ણ બેઠકમાં SGTPAના પ્રમુખ શ્રી જિતેન્દ્રભાઈ વખારિયા, અગ્રણી ઉદ્યોગપતિઓ સર્વશ્રી જે. પી. અગ્રવાલ, વિનોદ અગ્રવાલ તેમજ એસજીટીપીએના હોદ્દેદારો અને ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, મેનેજિંગ કમિટીના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન જીઆઈડીસી કમિટીના ચેરમેન શ્રી મિતુલ મહેતાએ કર્યું હતું. બેઠકના અંતે એસજીટીપીએના વરિષ્ઠ હોદ્દેદાર શ્રી બિનય અગ્રવાલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.